સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK **51**

(12/12/21 to 18/12/21)

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)



**PSI-ASI-કોન્સ્ટેબલ**

**મેરીટમાં સ્થાન મેળવવા માટેનું એકમાત્ર વનલાઇનર પુસ્તક**

**9,000 થી વધુ પ્રશ્ન-જવાબ**

- અભ્યાસક્રમ મુજબ ક્રમિક પ્રશ્ન-જવાબ
- 6 મહિનાનું કરંટ અફેર્સ
- આગામી પોલીસ ભરતીની પરીક્ષાઓના એડવાન્સ લેવલના પ્રશ્નો

NOW AVAILABLE



www.iceonline.in


**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial


CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**12 DEC-2021**

- દિવસ મહિમા : 12 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ, આંતરરાષ્ટ્રીય તટસ્થા દિવસ ..... 02
- યુનિસેફ (UNICEF)ના વડા તરીકે સુશ્રી કેથરીન રસેલની નિમણૂક ..... 02
- National Institute of Pharmaceutical Education and Research (Amendment) Bill, 2021 ..... 03
- QUESTION ANSWERS ..... 04

**13 DEC-2021**

- કાશી વિશ્વનાથ કોરિડોર (Kashi Vishwanath Corridor) ..... 05
- ભારતની સુશ્રી હરનાઝ સંધુએ Miss Universe 2021નો તાજ જીત્યો ..... 06
- આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીને રોયલ ગોલ્ડ મેડલ-2022 એનાયત કરવામાં આવશે ..... 07
- QUESTION ANSWERS ..... 08

**14 DEC-2021**

- દિવસ મહિમા : 14 ડિસેમ્બર, રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day) ..... 09
- બક્સા ટાઈગર રિઝર્વ : પશ્ચિમ બંગાળ ..... 09
- સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટોર્પિડો ..... 09
- પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે પાંચ દેશોના વડાઓને આમંત્રિત કરવામાં આવ્યા ..... 10
- QUESTION ANSWERS ..... 11

**15 DEC-2021**

- દિવસ મહિમા : 15 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day), સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન ..... 12
- DRDO એક્સ્ટેન્ડેડ રેન્જ સિસ્ટમ પિનાકાનું સફળ પરીક્ષણ કર્યુ ..... 12
- પર્સન ઓફ ધ યર : એલન મસ્ક ..... 13
- QUESTION ANSWERS ..... 14

**16 DEC-2021**

- દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day) ..... 15
- યુનેસ્કોએ દુર્ગાપૂજાને 'અમૃત વિરાસત સૂચિ' (Intangible Heritage List)માં સમાવેશ કર્યો ..... 15
- લદાખને મળ્યુ તેમનું પ્રથમ FM રેડિયો સ્ટેશન ..... 18
- QUESTION ANSWERS ..... 19

**17 DEC-2021**

- મહારાષ્ટ્રમાં બળદગાડાની રેસ ..... 20
- જૈતાપુર ન્યુક્લિયર રિએક્ટર (જૈતાપુર પરમાણુ રિએક્ટર) ..... 20
- F1 ચેમ્પિયન શ્રી લુઈસ હેમિલ્ટનને 'નાઈટહુડ' એનાયત કરવામાં આવ્યો ..... 23
- QUESTION ANSWERS ..... 24

**18 DEC-2021**

- દિવસ મહિમા : 18 ડિસેમ્બર, આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ, વિશ્વ લઘુમતિ અધિકાર દિવસ ..... 25
- મહિલાઓ માટે લગ્નની કાયદેસરની ઉંમરમાં વધારો ..... 25
- QUESTION ANSWERS ..... 27

**ONE LINER** ..... 28

**QUESTION OF THIS WEEK** ..... 31


INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 12 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ (International Universal Health Coverage Day) (2) આંતરરાષ્ટ્રીય તટસ્થા દિવસ (International Day of Neutrality)

## યુનિસેફ (UNICEF)ના વડા તરીકે સુશ્રી કેથરીન રસેલની નિમણૂક



સંયુક્ત રાષ્ટ્રના મહાસચિવ શ્રી એન્ટોનિયો ગુટેરેસે સુશ્રી કેથરીન રસેલ (Catherine Russell)ની સંયુક્ત રાષ્ટ્રની બાળ એજન્સી યુનિસેફ (UNICEF)ના વડા તરીકે નિમણૂક કરવામાં આવી છે.

- સુશ્રી કેથરીન રસેલ અમેરિકાના રાષ્ટ્રપતિ શ્રી જો બાઈડનના સહાયક છે.
- તેઓ **White House Office of Presidential Personnel**ના પ્રમુખ છે.
- સુશ્રી કેથરીન રસેલે **2013થી 2017** સુધી વૈશ્વિક મહિલા મુદ્દાઓ માટે સ્ટેટ ડિપાર્ટમેન્ટના એમ્બેસેડર તરીકે પણ સેવા આપી છે.
- તેઓ યુનિસેફના વડા તરીકે હેનરીએટા ફોરનું સ્થાન લેશે.

### UNICEF

UNICEFનું પૂરું નામ **'United Nations Children's Fund'** છે.

- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા **11 ડિસેમ્બર, 1946**ના રોજ તેની સ્થાપના કરવામાં આવી હતી.
- અગાઉ તેને યુનાઈટેડ નેશન્સ ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ઈમર્જન્સી ફંડ તરીકે ઓળખવામાં આવતું હતું.
- યુનિસેફની રચનામાં પોલેન્ડના ચિકિત્સક લુડવિક રાઉશમેને મુખ્ય ભૂમિકા ભજવી હતી.
- બીજા વિશ્વયુદ્ધ દરમિયાન તબાહ થયેલા દેશોમાં બાળકો અને માતાઓને કટોકટીની સ્થિતિમાં ખોરાક અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના ઉદ્દેશથી તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ **1950**માં વિકાસશીલ દેશોમાં બાળકો અને મહિલાઓની લાંબા ગાળાની જરૂરિયાતોને પહોંચી વળવા માટે UNICEFનું કાર્યક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું હતું.
- વર્ષ **1953**માં તે સંયુક્ત રાષ્ટ્રનો કાયમી ભાગ બની ગયો અને સંસ્થાના નામમાંથી 'આંતરરાષ્ટ્રીય' અને 'ઈમર્જન્સી' શબ્દ કાઢી નાખવામાં આવ્યા.
- ત્યારબાદ તેને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન ફંડ નામ આપવામાં આવ્યું છે જેને ટૂંકમાં **UNICEF** તરીકે ઓળખવામાં આવે છે.
- યુનિસેફને વિવિધ સરકારો અને ખાનગી દાતાઓ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. સંસ્થાના સંસાધનોમાં બે તૃતિયાંશ યોગદાન વિવિધ દેશોની સરકાર આપે છે.
- બાકીનું યોગદાન ખાનગી જૂથો અને વ્યક્તિઓ દ્વારા રાષ્ટ્રીય સમિતિના માધ્યમથી આપવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## National Institute of Pharmaceutical Education and Research (Amendment) Bill, 2021

રાજ્યસભાએ તાજેતરમાં ‘નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યૂટિક્લ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (સુધારા) બિલ, 2021’ પસાર કર્યુ હતું.

- આ બિલ અંતર્ગત ‘નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યૂટિક્લ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એક્ટ, 1998’માં સુધારો કરવામાં આવશે. આ અધિનિયમે પંજાબમાં ફાર્માસ્યૂટિક્લ શિક્ષણ અને સંશોધનની રાષ્ટ્રીય સંસ્થાની સ્થાપના કરી અને તેને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થા જાહેર કરી હતી.

### બિલની મુખ્ય જોગવાઈઓ

(1) આ બિલ અમદાવાદ, હાજીપુર, હૈદરાબાદ, કોલકાતા, ગુવાહાટી અને રાયબરેલી ખાતે આવેલી છ વધુ ફાર્માસ્યૂટિક્લ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાનો દરજ્જો આપવા માંગે છે.

(2) આ બિલ ફાર્માસ્યૂટિક્લ શિક્ષણ, સંશોધન અને ધોરણોની જાળવણીના વિકાસની ખાતરી કરવા સંસ્થાઓ વચ્ચે પ્રવૃત્તિઓનું સંકલન કરવા માટે કાઉન્સિલ પ્રદાન કરે છે.

(3) આ કાઉન્સિલના મહત્ત્વના કાર્યો આ મુજબ છે :

- સંસ્થાઓમાં અભ્યાસક્રમોની અવધિ અને પ્રવેશ ધોરણો જેવી બાબતો અંગે સલાહ આપવી.
- ભરતી, ફી અને સેવાઓની શરતો માટે નીતિઓ ઘડવી.
- સંસ્થાઓ માટે વિકાસ યોજનાઓની પરીક્ષા અને મંજૂરી.
- સંસ્થાઓ માટે વાર્ષિક બજેટ અંદાજોની ચકાસણી.

(4) કાઉન્સિલ નીચેના સભ્યોનો સમાવેશ કરશે :

(a) અધ્યક્ષ : કેન્દ્ર સરકારના મંત્રાલય અથવા વિભાગના પ્રભારીમંત્રી કે જે ફાર્માસ્યૂટિક્લ્સ પર વહીવટી નિયંત્રણ ધરાવે છે.

(b) ઉપાધ્યક્ષ : કેન્દ્ર સરકારના મંત્રાલય અથવા વિભાગમાં રાજ્યમંત્રી જે ફાર્માસ્યૂટિક્લ્સનું વહીવટી નિયંત્રણ ધરાવે છે.

(c) દરેક બોર્ડ ઓફ ગવર્નર્સના અધ્યક્ષ

(d) દરેક સંસ્થાના ડિરેક્ટર

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'આંતરરાષ્ટ્રીય યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (C)

2. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય તટસ્થતા દિવસ' તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 10 ડિસેમ્બર (B) 11 ડિસેમ્બર (C) 12 ડિસેમ્બર (D) 13 ડિસેમ્બર (C)

3. યુનિસેફ (UNICEF)ના વડા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) સુશ્રી કેથરીન રસેલ (B) સુશ્રી સન્ના મરિન

(C) સુશ્રી નજલા બૌડેન (D) સુશ્રી જિઓ મારા કાસ્ટ્રો (A)

4. રાજ્યસભાએ તાજેતરમાં 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યૂટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (સુધારા) બિલ, 2021' પસાર કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ બિલ અંતર્ગત 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યૂટિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ એક્ટ, 1998' માં સુધારા કરવામાં આવશે.
2. આ બિલ અમદાવાદ, હાજીપુર, હૈદરાબાદ, કોલકાતા, ગુવાહાટી અને રાયબરેલી ખાતે આવેલી ફાર્માસ્યૂટિકલ શિક્ષણ અને સંશોધન સંસ્થાઓને રાષ્ટ્રીય મહત્ત્વની સંસ્થાનો દરજ્જો આપવા માંગે છે.
3. આ બિલ અંતર્ગત જયપુર ખાતે નવી ફાર્માસ્યૂટિકલ શિક્ષણ અને સંશોધન સંસ્થાની જોગવાઈ કરવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કાશી વિશ્વનાથ કોરિડોર (Kashi Vishwanath Corridor)

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉત્તરપ્રદેશના વારાણસીમાં કાશી વિશ્વનાથ કોરિડોર પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું ઉદ્દઘાટન કર્યુ છે.

- પ્રોજેક્ટના ભાગરૂપે 23 ઈમારતો – પ્રવાસી સુવિધા કેન્દ્ર, વૈદિક કેન્દ્ર, મુમુક્ષુ ભવન, ભોગશાળા, સિટી મ્યુઝિયમ, વ્યુઈંગ ગેલેરી, ફૂડકોર્ટ વગેરેનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે.

### કાશી વિશ્વનાથ કોરિડોર

માર્ચ, 2019માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કાશી વિશ્વનાથ કોરિડોર'નો શિલાયન્સ કર્યો હતો.

- 5 લાખ ચોરસ ફૂટ વિસ્તારમાં ફેલાયેલા આ પ્રોજેક્ટમાં 40થી વધુ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત કાશી વિશ્વનાથ મંદિર અને ગંગા નદીના કિનારા વચ્ચે સરળતાથી સુલભ માર્ગ બનાવવામાં આવ્યો છે.
- એટલે કે તે કાશી વિશ્વનાથ મંદિર અને ગંગા નદીના ઘાટને જોડવામાં આવ્યો છે.
- કાશી વિશ્વનાથ કોરિડોર પર્યાવરણ સંરક્ષણનો સંદેશો પણ ફેલાવે છે. આ કોરિડોર રૂદ્રાક્ષ, પારિજાતિ, બેલ, આમળા અને અશોકના વૃક્ષોથી સુશોભિત છે.
- મંદિર પરિસર અને મંદિર ચોકમાં વૃક્ષારોપણ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવા માટે વિવિધ ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- વિશ્વનાથ ધામ ખાતે ત્રણ યાત્રી સુવિધા કેન્દ્રોની પણ સ્થાપના કરવામાં આવી છે.

નોંધ : (1) આ પ્રોજેક્ટ અંતર્ગત કાશી વિશ્વનાથ મંદિરનો પણ જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

(2) આ અગાઉ 1780માં મરાઠા રાણી અહિલ્યાબાઈ હોલ્કરે આ મંદિર તથા તેની આસપાસના વિસ્તારનો જીર્ણોદ્ધાર કર્યો હતો.

(3) ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે આવેલા આ પ્રસિદ્ધ શ્રી કાશી વિશ્વનાથ મંદિરનો સમાવેશ ભારતના પ્રસિદ્ધ 12 જ્યોતિર્લિંગમાં થાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારતની સુશ્રી હરનાઝ સંધુએ Miss Universe 2021નો તાજ જીત્યો




ઈઝરાયલના ઈલિયટ (Eilat)માં 70મી મિસ યુનિવર્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ સ્પર્ધામાં ભારતના સુશ્રી હરનાઝ કૌર સંધુએ મિસ યુનિવર્સ 2021નો તાજ જીતી લીધો છે.
- મેક્સિકોના સુશ્રી એન્ડ્રીયા મેઝા એ સુશ્રી હરનાઝ સંધુને 'મિસ યુનિવર્સ'નો તાજ પહેરાવ્યો હતો.
- આ અગાઉ સુશ્રી એન્ડ્રીયા મેઝાએ મિસ યુનિવર્સ 2020નો તાજ જીત્યો હતો.
- નોંધનીય છે કે 21 વર્ષ બાદ કોઈ ભારતીયે આ ખિતાબ જીત્યો છે.

### સુશ્રી હરનાઝ સંધુ

સુશ્રી હરનાઝ સંધુનો જન્મ 3 માર્ચ, 2000ના રોજ પંજાબના ગુરદાસપુર ખાતે થયો હતો.

- તેમણે 17 વર્ષની ઉંમરે પેજન્ટરીમાં તેની સફર શરૂ કરી હતી.
- આ અગાઉ તેઓ મિસ દિવા 2021 અને ફેમિના મિસ ઈન્ડિયા 2019નો ખિતાબ જીતી ચૂકયા છે.

### Miss Universe

વિશ્વની ચાર મોટી સૌંદર્ય સ્પર્ધાઓમાં મિસ યુનિવર્સ, મિસ વર્લ્ડ, મિસ અર્થ અને મિસ ઈન્ટરનેશનલનો સમાવેશ થાય છે.

- જેમાંથી 28 જૂન, 1952ના રોજ મિસ યુનિવર્સ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.
- તેનો Motto અથવા તો આદર્શ વાક્ય Confidently Beautiful છે.
- વર્ષ 2021 સુધીમાં ભારતની ત્રણ યુવતીઓએ આ ખિતાબ જીત્યો છે.

### Miss Universe જીતનાર ભારતીય

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1 | સુશ્રી સુષ્મિતા સેન | 1994 |
| 2 | સુશ્રી લારા દત્તા | 2000 |
| 3 | સુશ્રી હરનાઝ સંધુ | 2021 |

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીને રોયલ ગોલ્ડ મેડલ-2022 એનાયત કરવામાં આવશે

આર્કિટેક ક્ષેત્રનો વિશ્વનો સૌથી મોટો એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ-2022' અમદાવાદના પ્રસિદ્ધ આર્કિટેક શ્રી બાલકૃષ્ણ દોશીને આપવામાં આવશે.


- 94 વર્ષીય શ્રી બાલકૃષ્ણ દોશીને તેમની સાત દાયકાની કારકિર્દી દરમિયાન દેશભરમાં 100થી વધુ પ્રોજેક્ટ પૂર્ણ કરવા બદલ આ સન્માન આપવામાં આવી રહ્યું છે.

## શ્રી બાલકૃષ્ણ દોશી

શ્રી બાલકૃષ્ણ દોશીનો જન્મ 26 ઓગસ્ટ, 1927ના રોજ પૂણે ખાતે થયો હતો.

- તેમનું પૂરું નામ બાલકૃષ્ણ વિઠ્ઠલદાસ દોશી છે.
- તેમને દક્ષિણ એશિયાના સ્થાપત્ય વર્ગમાં એક મહત્ત્વની વ્યક્તિ માનવામાં આવે છે અને ભારતીય સ્થાપત્ય કળાના વિકાસમાં તેમનું મહત્ત્વનું યોગદાન છે.
- તેમના નોંધનીય સ્થાપત્યો નીચે મુજબ છે :

(1) ECIL ટાઉનશિપ, હૈદરાબાદ
(2) સેપ્ટ યુનિવર્સિટી (CEPT), અમદાવાદ
(3) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, બેંગ્લોર
(4) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી, દિલ્હી
(5) અમદાવાદની ગુફા, અમદાવાદ
(6) અરણ્ય લો કોસ્ટ હાઉસિંગ, ઈન્દોર
(7) ઈફકો ટાઉનશિપ, કલોલ
(8) સવાઈ ગાંધર્વ, પુના
(9) પ્રેમાભાઈ હોલ, અમદાવાદ
(10) ટાગોર મેમોરિયલ હોલ, અમદાવાદ



**નોંધ :** વર્ષ 2018માં પ્રિઝકર આર્કિટેક્ચર પુરસ્કાર મેળવનારા તેઓ પ્રથમ ભારતીય આર્કિટેક બન્યા હતા.

## રોયલ ગોલ્ડ મેડલ

રોયલ ગોલ્ડ મેડલ એ આર્કિટેક્ચર માટે વિશ્વનું સર્વોચ્ચ સન્માન છે.

- રોયલ ગોલ્ડ મેડલ એવી વ્યક્તિ અથવા જૂથને એનાયત કરવામાં આવે છે જેણે આર્કિટેક્ચરની પ્રગતિમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યુ હોય.
- આ પુરસ્કાર રોયલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બ્રિટિશ આર્કિટિક્સ દ્વારા દર વર્ષે આપવામાં આવે છે.

**નોંધ :** શ્રી બાલકૃષ્ણ દોશી અગાઉ વર્ષ 1984માં ભારતના શ્રી ચાર્લ્સ કોરિયાને રોયલ ગોલ્ડ મેડલ પુરસ્કાર એનાયત થયો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## MONDAY Questions

**1.** વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિસેમ્બર, 2021માં કયા મંદિરના કોરિડોર અથવા જીર્ણોદ્ધાર પ્રોજેકટના પ્રથમ તબક્કાનું ઉદ્‌ઘાટન કર્યુ છે ?

(A) શ્રી મલિક્કાર્જુન મંદિર (B) શ્રી કેદારનાથ મંદિર

(C) શ્રી ભીમાશંકર મંદિર (D) શ્રી કાશી વિશ્વનાથ મંદિર **(D)**

**2.** 'કાશી વિશ્વનાથ કોરિડોર' સંદર્ભે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) માર્ચ, 2019માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કાશી વિશ્વનાથ કોરિડોરનો શિલાયન્સ કર્યો હતો.

(B) આ પ્રોજેક્ટ અંતર્ગત વારાણસીમાં લગભગ 140 મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે.

(C) આ કોરિડોર પ્રોજેક્ટ હેઠળ કાશી વિશ્વનાથ મંદિર અને ગંગા નદીના ઘાટને જોડવામાં આવ્યો છે.

(D) આ પ્રોજેક્ટના ભાગરૂપે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવા માટે વિવિધ ઈમારતોનું નિર્માણ કરવામાં આવ્યું છે. **(B)**

**3.** મિસ યુનિવર્સ 2021 વિજેતા યુવતીનું નામ શું છે ?

(A) સુશ્રી હરનાઝ સંધુ (B) સુશ્રી એન્ડ્રીયા મેઝા

(C) સુશ્રી ઝોજીબિની તુન્ઝી (D) સુશ્રી રેહનુમ્મા સંધુ **(A)**

**4.** મિસ યુનિવર્સ 2021 વિજેતા સુશ્રી હરનાઝ સંધુના દેશનું નામ શું છે ?

(A) ભારત (B) દક્ષિણ આફ્રિકા (C) મેસેડોનિયા (D) કેનેડા **(A)**

**5.** નીચેના પૈકી કઈ ભારતીય યુવતીએ મિસ યુનિવર્સનો તાજ જીતેલો છે ?

(A) સુષ્મિતા સેન (B) લારા દત્તા (C) હરનાઝ સંધુ (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

**6.** આર્કિટેક ક્ષેત્રનો સૌથી સર્વોચ્ચ એવોર્ડ 'રોયલ ગોલ્ડ મેડલ 2022' કોને એનાયત કરવામાં આવશે ?

(A) શ્રી વિકટર વેસ્નીન (B) શ્રી અલ્વર આલ્ટો

(C) શ્રી બાલકૃષ્ણ દોશી (D) શ્રી જેમ્સ બ્રુક્સ **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 14 DECEMBER, 2021 TUESDAY

## દિવસ મહિમા : 14 ડિસેમ્બર, રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન (National Energy Conservation Day)

## બક્સા ટાઈગર રિઝર્વ : પશ્ચિમ બંગાળ

23 વર્ષમાં પ્રથમ વખત તાજેતરમાં 'બક્સા ટાઈગર રિઝર્વ'માં 'રોયલ બંગાળ વાઘ' (Royal Bengal Tiger) જોવા મળ્યો છે.

### બક્સા ટાઈગર રિઝર્વ

બક્સા ટાઈગર રિઝર્વ પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના અલીપુરદ્વાર પેટા વિભાગમાં આવેલું છે.

- તેની સ્થાપના વર્ષ **1983**માં ભારતના **15**માં ટાઈગર રિઝર્વ તરીકે કરવામાં આવી હતી.
- જાન્યુઆરી **1992**માં તેને રાષ્ટ્રીય ઉદ્યાન જાહેર કરવામાં આવ્યું હતું.
- બક્સા ટાઈગર રિઝર્વની ઉત્તરીય સીમા ભૂટાનની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલી છે.
- સિંચુલા પર્વતમાળા બક્સા રાષ્ટ્રીય ઉદ્યાનની ઉત્તરીય ધાર પર આવેલી છે અને પૂર્વ સરહદ આસામ રાજ્યને સ્પર્શે છે.
- તે 760 ચોરસ કિમીનો વિસ્તાર આવરી લે છે.
- આ રિઝર્વ લગભગ 284 પક્ષીઓની પ્રજાતિઓનું ઘર છે આ ઉપરાંત એશિયન હાથી, સાંભર, હરણ વગેરે જેવા સસ્તન પ્રાણીઓનું ઘર પણ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટોર્પિડો

13 ડિસેમ્બર, 2021ના રોજ ભારતે ઓડિશાના દરિયા કિનારે અબ્દુલ કલામ ટાપુ પરથી **'Supersonic Missile Assisted Release of Torpedo System (SMART)'**ને સફળતાપૂર્વક લોન્ચ કરી પરીક્ષણ કર્યુ હતું.

### સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટોર્પિડો

આ સ્માર્ટ સિસ્ટમ ટોર્પિડોઝની પરંપરાગત શ્રેણીની બહાર એન્ટી–સબમરીન યુદ્ધ ક્ષમતાને વધારવા માટે બનાવવામાં આવી છે.

- તે એક કનસ્તર અથવા કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમ છે.
- આ સિસ્ટમ નેક્સ્ટ જનરેશન મિસાઈલ આધારિત સ્ટેન્ડ ઓફ ટોર્પિડો ડિલિવરી સિસ્ટમ છે.
- જ્યારે યુદ્ધ જહાજ અથવા ટ્રક આધારિત તટીય બેટરીથી લોન્ચ કરવામાં આવે છે ત્યારે SMART એક નિયમિત સુપરસોનિક મિસાઈલની જેમ ટેક ઓફ કરે છે.

- ટોર્પિડો એ સિગાર આકારનું સ્વ સંચાલિત પાણીની અંદરનું શસ્ત્ર છે, જે સબમરીન, સરફેસ શિપ અથવા એરક્રાફ્ટમાંથી લોન્ચ કરવામાં આવે છે. અને સપાટી પરના જહાજો અને સબમરીનને વિસ્ફોટ કરવા માટે તેની ડિઝાઈન કરવામાં આવે છે.
- આ સિસ્ટમથી ભારતીય નૌકાદળની વ્યૂહાત્મક ક્ષમતા વધુ મજબૂત થશે.
- સબમરીન વિરોધી યુદ્ધમાં સ્ટેન્ડ ઓફ ક્ષમતાના સંદર્ભમાં આ એક મોટી સિદ્ધિ છે.
- **DRDO**એ ભારતીય નૌકાદળ માટે આ સિસ્ટમ વિકસિત કર્યુ છે.




## પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે પાંચ દેશોના વડાઓને આમંત્રિત કરવામાં આવ્યા

ભારતે મધ્ય એશિયાના પાંચ દેશો કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તુર્કમેનિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાનને પ્રજાસત્તાક દિવસની ઉજવણી **2022** માટે મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે.

- આવું પ્રથમવાર છે કે પાંચ મધ્ય એશિયાઈ દેશોના પ્રતિનિધિઓ ગણતંત્ર દિવસની ઉજવણીમાં મહેમાન બનશે.
- ભારત આ દેશો સાથે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સભ્યતાના સંબંધ ધરાવે છે.
- પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં તેમની હાજરી બંને પક્ષો વચ્ચેના સંબંધોને મજબૂત બનાવવામાં મદદ કરશે.
- આ અગાઉ વર્ષ **2018**ના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં આસિયાન દેશોના નેતાઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. ભારતમાં 'રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 11 ડિસેમ્બર (B) 12 ડિસેમ્બર (C) 13 ડિસેમ્બર (D) 14 ડિસેમ્બર **(D)**

2. તાજેતરમાં 'બક્સા ટાઈગર રિઝર્વ'માં ઘણા વર્ષો પછી રોયલ બેંગાલ ટાઈગર' જોવા મળ્યો હતો. આ બક્સા ટાઈગર રિઝર્વ નીચેના પૈકી કયા રાજ્યમાં આવેલ છે ?

(A) પશ્ચિમ બંગાળ (B) તમિલનાડુ (C) મધ્યપ્રદેશ (D) મેઘાલય **(A)**

3. બક્સા ટાઈગર રિઝર્વ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ ટાઈગર રિઝર્વ પશ્ચિમ બંગાળના જલપાઈગુડી જિલ્લાના અલીપુરદ્વાર પેટા વિભાગમાં આવેલુ છે.

(B) તેની સ્થાપના વર્ષ 1983માં 15મા ટાઈગર રિઝર્વ તરીકે કરવામાં આવી હતી.

(C) આ ટાઈગર રિઝર્વની ઉત્તરીય સીમા ભૂટાનની આંતરરાષ્ટ્રીય સરહદ સાથે જોડાયેલી છે.

(D) ઉપરોક્ત તમામ **(D)**

4. 'સુપરસોનિક મિસાઈલ આસિસ્ટેડ ટોર્પિડો' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તે એક કનસ્તર અથવા કેનિસ્ટર આધારિત મિસાઈલ સિસ્ટમ છે.

2. આ સિસ્ટમ ટોર્પિડોઝ પરંપરાગત શ્રેણીની બહાર એન્ટિ–સબમરીન યુદ્ધ ક્ષમતાને વધારવા માટે બનાવવામાં આવી છે.

3. ભારતીય નૌકાદળની વ્યૂહાત્મક ક્ષમતા મજબૂત કરવા માટે DRDO દ્વારા તેને વિકસાવવામાં આવી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) 1, 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) ફક્ત 2 અને 3 **(A)**

5. વર્ષ 2022માં પ્રજાસત્તાક પર્વના મુખ્ય અતિથિ તરીકે મધ્ય એશિયાના કેટલા દેશોના વડાઓને આમંત્રિત કરવામાં આવ્યા છે ?

(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત **(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**દિવસ મહિમા : 15 ડિસેમ્બર, (1) આંતરરાષ્ટ્રીય ચા દિવસ (International Tea Day)**
**(2) સરદાર વલ્લભભાઈ પટેલ પુણ્યતિથિ દિન**

## DRDOએ એક્સ્ટેન્ડેડ રેન્જ સિસ્ટમ પિનાકાનું સફળ પરીક્ષણ કર્યુ

પિનાકા રોકેટ પ્રણાલીની ક્ષમતામાં વધારો કરતા DRDOએ તાજેતરમાં તેનું એક નવુ વર્ઝન 'પિનાકા એક્સ્ટેન્ડેડ રેન્જ' (Penaka Extended Rang-Pinaka-ER) મલ્ટિપલ લોન્ચ રોકેટ સિસ્ટમનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- પોખરણ રેન્જ પરથી તેનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### પિનાકા એક્સ્ટેન્ડેડ રેન્જ સિસ્ટમ વિશે

પિનાકા એક મલ્ટિ–બેરલ રોકેટ–લોન્ચર (MBRL) સિસ્ટમ છે, જેનું નામ ભગવાન શિવના ધનુષના નામ પરથી રાખવામાં આવ્યું છે.

- તે 44 સેકન્ડના સમયગાળામાં 12 રોકેટના એક સેલ્વો ફાયર (Salvo Fire) કરવામાં સક્ષમ છે.
- નવું વર્ઝન તેના પાછલા વર્ઝન કરતા વધુ પાવરફુલ અને એડવાન્સ ટેકનોલોજીથી સજ્જ છે. અને તેના પાછલા વર્ઝન કરતા વજનમાં હલકું છે.
- એક્સ્ટેન્ડેડ રેન્જ સિસ્ટમની નવી ટ્રાયલ 45 કિ.મી. સુધીની રેન્જ હાંસલ કરી શકે છે. જે ભારતીય સેના માટે એક મોટી સિદ્ધિ છે.
- આ સિસ્ટમને નવી ટેકનોલોજી સાથે ઊભરતી આવશ્યકતાઓ ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે.
- DRDOએ તેને પૂણેની ARDE અને હાઈ એનર્જી મટીરિયલ રિસર્ચ લેબોરેટરી સાથે મળીને ડિઝાઈન કર્યુ છે.

નોંધ : (1) DRDOનું પૂરૂં નામ 'Defence Research and Development Organization' છે.
(2) ભારતમાં કારગીલ વોર દરમિયાન આ રોકેટ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પર્સન ઓફ ધ યર : એલન મસ્ક

તાજેતરમાં ટાઈમ મેગેઝિને ટેસ્લા અને સ્પેસ–એક્સના CEO શ્રી એલન મસ્કને 'પર્સન ઓફ ધ યર' (Person of the year) તરીકે પસંદ કર્યા છે.


- ટાઈમ્સ પર્સન ઓફ ધ યરનું બિરૂદ વિશ્વભરમાં વ્યક્તિ કે સંસ્થાના પ્રભાવનું પ્રતીક માનવામાં આવે છે.
- શ્રી એલન મસ્કની સફળતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે આ વર્ષે નાસાએ તેની રોકેટ કંપની 'સ્પેસ એક્સ'ને વર્ષ 1972 પછી પ્રથમવાર યુનાઈટેડ સ્ટેટ્સના અવકાશયાત્રીઓને ચંદ્ર પર લઈ જવા માટે હાયર કરી હતી.
- શ્રી એલન મસ્કનો જન્મ 28 જૂન, 1971ના રોજ દક્ષિણ આફ્રિકાના પ્રિટોરિયા ખાતે થયો હતો.

નોંધ : (1) વર્ષ 1927 માં સૌપ્રથમ આ પુરસ્કાર (અથવા સન્માન) આપવામાં આવ્યો હતો.

(2) Times મેગેઝિન દ્વારા પ્રસિદ્ધ થતો આ અંક વર્ષ 1999 સુધી 'મેન ઓફ ધ યર' અને 'વુમન ઓફ ધ યર' તરીકે ઓળખાતું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

GPSC
7700+ TOTAL QUESTIONS
GPSC CLASS 1/2, STI, PI,
Dy. SO, Dy. MAMLATDAR,
A.O., GUJ ENGINEERING SERVICE,
તથા લેક્ચરર અને
આસિસ્ટન્ટ પ્રોફેસરના
પેપરોનો સમાવેશ
www.iceonline.in



1. 'આંતરરાષ્ટ્રીય ચા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર

(A)

2. સમગ્ર ભારતમાં કયા દિવસના રોજ લોખંડી પુરુષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની પૂણ્યતિથિ ઉજવવામાં આવી હતી ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર

(A)

3. તાજેતરમાં DRDO એ 'એક્સ્ટેન્ડેડ રેનજ સિસ્ટમ પિનાકા'નું સફળ પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પિનાકા એક 'મલ્ટિ–બેરલ રોકેટ લોન્ચર' (MBRL) સિસ્ટમ છે.

2. તેનું નામ ભગવાન શિવના ધનુષના નામ પરથી રાખવામાં આવ્યું છે.

3. તે 44 સેકન્ડના સમયગાળામાં 12 રોકેટના એક સોલ્વો ફાયર (Salvo Fire) કરવામાં સક્ષમ છે.

4. એક્સ્ટેન્ડેડ રેન્જ સિસ્ટમની આ નવી ટ્રાયલ 45 કિ.મી. સુધીની રેન્જ હાંસલ કરી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 3 અને 4 (D) 1, 2, 3 અને 4

(D)

® ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ટાઈમ મેગેઝિને કોને 'Person of the year' તરીકે પસંદ કર્યા છે ?

(A) શ્રી બર્નાડ આર્નોલ્ટ (B) શ્રી એલન મસ્ક

(C) શ્રી લેરી પેજ (D) શ્રી વોરેન બફેટ

(B)

## દિવસ મહિમા : 16 ડિસેમ્બર, વિજય દિવસ (Victory Day)

ભારતમાં દર વર્ષે 16 ડિસેમ્બરને 'વિજય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

- વર્ષ 1971ના ભારત–પાકિસ્તાન યુદ્ધમાં 16 ડિસેમ્બરના રોજ થયેલા ભારતના ઐતિહાસિક વિજયની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- આ યુદ્ધમાં પૂર્વ પાકિસ્તાન પાકિસ્તાનથી આઝાદ થઈ ગયું હતું અને 'બાંગ્લાદેશ' નામના એક નવા જ દેશનું સર્જન થયું હતું.
- આથી, દર વર્ષે 16 ડિસેમ્બર બાંગ્લાદેશમાં પણ 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

નોંધ : (1) ભારતમાં 16 ડિસેમ્બર 'વિજય દિવસ' તરીકે ઉજવાય છે. જ્યારે 26 જુલાઈ 'કારગિલ વિજય દિવસ' તરીકે ઉજવાય છે.

(2) 26 જુલાઈ, 1999ના રોજ કારગિલ યુદ્ધમાં ભારતનો પાકિસ્તાન સામે વિજય થયો હતો. આથી, દર વર્ષે 26 જુલાઈના રોજ ભારતમાં 'કારગિલ વિજય દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## યુનેસ્કોએ દુર્ગાપૂજાને 'અમૃત વિરાસત સૂચિ' (Intangible Heritage List)માં સમાવેશ કર્યો

તાજેતરમાં કોલકાતાની દુર્ગા પૂજાને યુનેસ્કોની 'અમૃત સાંસ્કૃતિક વિરાસત' (ઈન્ટેન્જિબલ કલ્ચરલ હેરિટેજ' (ICH)ની પ્રતિનિધિ યાદીમાં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે.

- આ નિર્ણય અમૃત સાંસ્કૃતિક વિરાસતની સુરક્ષા માટે આંતર સરકારી સમિતિ (Intergovernmental Committee for Safeguading of the Intangible Cultural Heritage)એ તેમના 16માં સત્રમાં કર્યો છે.
- દુર્ગાપૂજા એ ધર્મ અને સંસ્કૃતિનો સંપૂર્ણ સમન્વય છે. આ તહેવાર મુખ્યત્વે બંગાળી સમુદાય દ્વારા ઉજવવામાં આવે છે.

### દુર્ગાપૂજા

હિન્દુ ધર્મના દુર્ગામાતા આદ્યશક્તિ તરીકે ઓળખાય છે.

- દુર્ગા પૂજા દશેરાના તહેવાર સાથે સમાનતા રાખે છે.
- નવરાત્રિના સમયે દુર્ગામાતાના 9 સ્વરૂપોની પૂજા–અર્ચના કરવામાં આવે છે.
- દુર્ગાપૂજાએ પશ્ચિમ બંગાળમાં પાંચ દિવસનો તહેવાર છે જે નવ દિવસીય નવરાત્રિની પાંચમી રાત્રે શરૂ થાય છે અને દસમા દિવસે એટલે કે દશેરાના દિવસે સમાપ્ત થાય છે.
- લોક માન્યતા અનુસાર મહિષાસૂર નામના રાક્ષસનો દુર્ગામાતાએ વધ કર્યો હતો. તેમજ ભગવાન રામને રાવણને હરાવવા માટે દુર્ગામાતાએ વિજયશ્રીના આશીર્વાદ આપ્યા હતા. નવરાત્રી બાદ દશમાં દિવસે ભગવાન શ્રીરામ વિજયી થયા હતા તેથી આ તહેવાર વિજયા દશમી તરીકે ઉજવાય છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ પર્વ ખરાબ તત્વ ઉપર સારા તત્વના વિજયના રૂપમાં મનાવવામાં આવે છે.
- બંગાળ, આસામ, ઓડિશા રાજ્યમાં દુર્ગાપૂજાને અકાલબોધન, શારદાઉત્સવ તથા માનીપૂજાના રૂપમાં ઉજવવામાં આવે છે.
- બાંગ્લાદેશમાં તેને ભગવતીપૂજાના નામે ઓળખવામાં આવે છે.
- દુર્ગાપૂજાને ગુજરાત, ઉત્તરપ્રદેશ, પંજાબ, કેરળ અને મહારાષ્ટ્રમાં નવરાત્રિના રૂપે ઉજવવામાં આવે છે.
- તમિલનાડુમાં તેને 'બોમ્મઈ કુલુ' નામથી ઓળખવામાં આવે છે.
- જ્યારે આંધ્રપ્રદેશમાં તેને 'બોમ્મલા કોલુવુ' નામથી ઓળખવામાં આવે છે.
- હિમાચલ પ્રદેશમાં તે કુલ્લુ દશેરા અને કર્ણાટકમાં મૈસૂર દશેરા નામે ઓળખાય છે.
- નવરાત્રિના સમયમાં મોટા મોટા પંડાલોમાં માતાજીની આરાધના કરવામાં આવે છે.





## યુનેસ્કોની અમૃત સાંસ્કૃતિક વિરાસત યાદી

આ પ્રતિષ્ઠિત યાદી અમૃત હેરિટેજ તત્વોથી બનેલી છે જે સાંસ્કૃતિક વારસાની વિવિધતાને પ્રદર્શિત કરવામાં તેના મહત્ત્વ વિશે જાગૃતિ વધારવામાં મદદ કરે છે.

- યુનેસ્કો અનુસાર સાંસ્કૃતિક વારસો સ્મારકો અને વસ્તુઓના સંગ્રહ પર સમાપ્ત થતો નથી. તેમાં આપણા પૂર્વજો પાસેથી વારસામાં મળેલી પરંપરાઓ અથવા જીવંત અભિવ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે.
- આ સૂચિ વર્ષ 2008માં સ્થાપિત કરવામાં આવી હતી.
- ભારતમાં દુર્ગાપૂજા સહિત યુનેસ્કો દ્વારા ICH તરીકે માન્યતા પ્રાપ્ત 14 પરંપરા છે જે નીચે મુજબ છે :

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| વિરાસત | વર્ષ | વિશેષતા |
|---|---|---|
| કોડિયટ્ટમ | 2008 | કોડિયટ્ટમ કેરળની ચક્યાર તેમજ નાંબિયાર જાતિ દ્વારા કરવામાં આવતું નાટ્ય સ્વરૂપ છે.<br>કોડિયટ્ટમ 6 થી 20 દિવસ સુધી ભજવવામાં આવે છે.<br>કોડિયટ્ટમનો મુખ્ય વિષય પૌરાણિક કથાઓ હોય છે.<br>આ નાટ્યમાં મિઝાવું નામના સંગીત વાદ્યનો ઉપયોગ થાય છે.<br> |
| રામલીલા | 2008 | રામલીલા ઉત્તરપ્રદેશની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>દશેરાના સમયમાં રામલીલાનું પ્રદર્શન કરવામાં આવે છે.<br>રામલીલામાં તમામ અભિનેતા પુરુષ હોય છે.<br> |
| વૈદિક મંત્રોચ્ચારની વિધિ | 2008 | પ્રાચીન સમયથી જ વેદોના મંત્રનો જાપ અનેક રીતે કરવામાં આવે છે.<br>વૈદિક મંત્રોચ્ચારની પરંપરાને અતિપ્રાચીન પરંપરા માનવામાં આવે છે.<br> |
| રમ્મન | 2009 | રમ્મન ઉત્તરાખંડના ગઢવાલ ક્ષેત્રની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>રમ્મનમાં ગ્રામના દેવતાને ભોગ ચઢાવવામાં આવે છે.<br>રમ્મનમાં ગાયન, વાદન દ્વારા સંગીતની પ્રસ્તુતિ કરવામાં આવે છે. |

| વિરાસત | વર્ષ | વિશેષતા | |
|---|---|---|---|
| મુડિયેટ્ટુ | 2010 | મુડિયેટ્ટુ કેરળ રાજ્યની પ્રખ્યાત નાટ્યકલા છે.<br>મુડિયેટ્ટુ સામાન્ય રીતે ફેબ્રુઆરી અને મે માસ દરમિયાન ભજવવામાં આવે છે.<br>મુડિયેટ્ટુનો ઉપયોગ સામાન્ય રીતે સામાજિક સદ્ભાવ કેળવવા માટે કરવામાં આવે છે. |  |
| કાલબેલિયા | 2010 | કાલબેલિયા રાજસ્થાન રાજ્યની પ્રખ્યાત નૃત્યકલા છે.<br>કાલબેલિયા નૃત્ય રાજસ્થાનની કાલબેલિયા જનજાતિ દ્વારા કરવામાં આવે છે.<br>કાલબેલિયા નૃત્યમાં પહેરવેશ સાપ જેવો હોય છે. |  |
| છઉ | 2010 | છઉ નૃત્ય ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળની પ્રસિદ્ધ નૃત્યકલા છે. છઉ નૃત્યને રાજ્ય પ્રમાણે અલગ નામ આપવામાં આવ્યા છે. જેમ કે ઝારખંડમાં સરાય કેલા છઉ, ઓડિશામાં મયૂરભંજ છઉ તેમજ પશ્ચિમ બંગાળમાં પુરુલિયા છઉ તરીકે ઓળખાય છે.<br>છઉ નૃત્યમાં મોઢા પર માસ્ક ધારણ કરવામાં આવે છે. |  |
| લદાખ બૌધ મઠ | 2012 | લદાખ બૌદ્ધ મઠ જમ્મુ–કાશ્મીર રાજ્યમાં આવે છે. |  |
| સંકીર્તન | 2013 | સંકીર્તન મણિપુર રાજ્યની પ્રખ્યાત નૃત્યકલા છે.<br>સંકીર્તન વૈષ્ણવ ધર્મની પરંપરાગત ધાર્મિક વિધિને પ્રદર્શિત કરે છે.<br>સંકીર્તનમાં ભગવાન કૃષ્ણની લીલાને પ્રદર્શિત કરવામાં આવે છે. |  |
| પંજાબની પરંપરાગત તાંબા અને પિત્તળના વાસણની શિલ્પકલા | 2014 | પંજાબી પરંપરાગત તાંબા પિત્તળની શિલ્પકલાને ઠઠેરા પરિવાર દ્વારા આગળ વધારવામાં આવે છે.<br>આ ધાતુના વાસણનો ઉપયોગ ધાર્મિક વિધિમાં કરવામાં આવે છે.<br>આ પરંપરાને 19મી સદી દરમિયાન રાજા રણજિતસિંહ દ્વારા સંરક્ષણ આપવામાં આવ્યું હતું. |  |
| નવરોઝ | 2016 | નવરોજ પારસીઓના નવા વર્ષના રૂપમાં મનાવવામાં આવે છે. |  |
| યોગ | 2016 | યોગ શબ્દમાં ધ્યાન, શ્વાસોશ્વાસ, શબ્દ જાપનો સમાવેશ થાય છે. |  |
| કુંભ મેળો | 2019 | વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક મેળા તરીકે પ્રસિદ્ધ કુંભમેળો પ્રયાગરાજ(અલાહાબાદ) ખાતે ભરાય છે.<br>પ્રયાગરાજ ખાતે ગંગા, યમુના અને સરસ્વતી એમ ત્રણ નદીનો સંગમ થાય છે.<br>કુંભના મેળામાં શાહી સ્નાનનું વિશેષ મહત્ત્વ છે.<br>કુંભના મેળાનું આયોજન દર 12 વર્ષે થાય છે. |  |
| દુર્ગાપૂજા (કોલકાતા) | 2021 | – | |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## લદાખને મળ્યુ તેમનું પ્રથમ FM રેડિયો સ્ટેશન

14 ડિસેમ્બર, 2021ના રોજ લદાખને રાજધાની લેહમાં તેનું પ્રથમ FM રેડિયો સ્ટેશન પ્રાપ્ત થયું છે.

- આ અંતર્ગત લેહ અને કારગીલ માટે ફ્રીકવન્સી 91.1 FM હશે.
- FM પ્રસારણ એ ફ્રીકવન્સી મોડ્યુલેશન (FM) દ્વારા રેડિયો ટ્રાન્સમિશનની એક પદ્ધતિ છે.
- તેની શોધ અમેરિકન એન્જિનિયર એડવિન આર્મસ્ટ્રોંગે 1933માં કરી હતી.
- ઉચ્ચ ગુણવત્તાવાળા અવાજ પ્રદાન કરવા માટે બ્રોડકાસ્ટ રેડિયો પર વિશ્વભરમાં વાઈડ–બેન્ડ FMનો ઉપયોગ થાય છે.
- FMનો ઉપયોગ સામાન્ય ઓડિયો અથવા સંગીતના મોટા ભાગના પ્રસારણ માટે થાય છે.



1. ભારતમાં 'વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 14 ડિસેમ્બર (B) 15 ડિસેમ્બર (C) 16 ડિસેમ્બર (D) 17 ડિસેમ્બર (C)

2. ભારતમાં 'કારગિલ વિજય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 16 ડિસેમ્બર (B) 16 જુલાઈ (C) 26 ડિસેમ્બર (D) 26 જુલાઈ (D)

3. તાજેતરમાં યુનેસ્કોએ કયા તહેવારને 'અમૃત વિરાસત સૂચિ' (Intangible Heritage List)માં સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે ?

(A) દુર્ગાપૂજા (કોલકાતા) (B) ગોવર્ધન પૂજા (તમિલનાડુ)

(C) વસંતપંચમી (D) મકરસંક્રાંતિ (A)

4. દુર્ગાપૂજા તહેવાર સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. દુર્ગાપૂજા એ ધર્મ અને સંસ્કૃતિનો સંપૂર્ણ સમન્વય છે. આ તહેવાર મુખ્યત્વે બંગાળી સમુદાય દ્વારા ઉજવવામાં આવે છે.

2. બંગાળ, આસામ, ઓડિશા રાજ્યમાં દુર્ગાપૂજાને અકાલબોધન, શારદાઉત્સવ તથા માની પૂજાના રૂપમાં ઉજવવામાં આવે છે.

3. તમિલનાડુમાં આ તહેવાર કુલ્લુ દશેરા નામે ઓળખાય છે.

4. બાંગ્લાદેશમાં તેને ભગવતી પૂજાના નામે ઓળખવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1 અને 4 (D) ફક્ત 1, 2 અને 4 (D)

5. ડિસેમ્બર, 2021માં નીચેના પૈકી કયા કેન્દ્રશાસિત પ્રદેશને તેમનું પ્રથમ FM રેડિયો સ્ટેશન મળ્યું છે ?

(A) પુડુચેરી (B) લદાખ

(C) ચંદીગઢ (D) લક્ષદ્વીપ (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહારાષ્ટ્રમાં બળદગાડાની રેસ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્રને વર્ષ 2017થી પ્રતિબંધિત પરંપરાગત બળદગાડાની રેસ (અથવા બળદગાડાની દોડ)નું આયોજન કરવાની મંજૂરી આપી છે.

- આ નિર્ણય કર્ણાટક અને તમિલનાડુની સાથે રાજ્ય દ્વારા ઘડવામાં આવેલા 'પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, 1960'માં સુધારા પર આધારિત હતો.
- વર્ષ 2014માં સુપ્રીમ કોર્ટે દેશભરમાં પરંપરાગત રમતો જેમ કે જલ્લીકટ્ટુ, બળદની રેસ અને બળદગાડાની રેસ પર પ્રતિબંધ મુકયો હતો.
- અને અવલોકન કર્યુ હતું કે તે ખતરનાક છે અને પ્રાણીઓની ક્રૂરતા નિવારણ અધિનિયમ, 1960ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે છે.
- ત્યારબાદ કર્ણાટક અને તમિલનાડુએ નિયમબદ્ધ રીતે પરંપરા ચાલુ રાખવા માટે કાયદામાં સુધારો કર્યો જેને વર્ષ 2018થી સુપ્રીમ કોર્ટ સમક્ષ પડકારવામાં આવ્યો હતો જે પેન્ડિંગ છે.
- બળદગાડાની રેસ પરંપરાગત રમતોત્સવ હોવા ઉપરાંત ગ્રામીણ અર્થવ્યવસ્થા પણ તેની સાથે જોડાયેલ છે.

નોંધ : (1) પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ્સ એક્ટ, 1960નો કાયદાકીય ઉદ્દેશ્ય 'બિનજરૂરી સજા અથવા પ્રાણીઓના દુર્વ્યવહારની પ્રવૃત્તિને અટકાવવાનો છે.

(2) આ કાયદામાં પ્રાણીઓ પ્રત્યે બિનજરૂરી ક્રૂરતા માટે સજાની જોગવાઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## જૈતાપુર ન્યુક્લિયર રિએક્ટર (જૈતાપુર પરમાણુ રિએક્ટર)

તાજેતરમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના જૈતાપુરમાં છ ન્યુક્લિઅર રિએક્ટર સ્થાપવા માટે સૈદ્ધાંતિક (તબક્કા-1)ને મંજૂરી આપી છે.

- જૈતાપુર પ્રોજેક્ટ ભારત અને ફ્રાન્સ વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનો મુખ્ય ઘટક છે.

### જૈતાપુર ન્યુક્લિયર રિએક્ટર

જૈતાપુર વિશ્વનું સૌથી શક્તિશાળી ન્યુક્લિયર પાવર પ્લાન્ટ હશે.


- જે 9.6 ગીગાવોટની સ્થાપિત ક્ષમતા સાથે છ અત્યાધુનિક ઈવોલ્યુશનરી પાવર રિએક્ટર સાથે નિમ્ન કાર્બન વીજળીનું ઉત્પાદન કરશે.
- છ પરમાણુ ઉર્જા રિએક્ટર દરેક 1,650 MWની ક્ષમતા સાથે ફ્રાન્સ તરફથી તકનીકી સહાય સાથે સ્થાપિત કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ હજારો સ્થાનિક નોકરીઓ સાથે મહારાષ્ટ્રને સીધો ફાયદો કરશે.

## ભારતમાં પરમાણુ કેન્દ્ર વિશે કેટલીક માહિતી

- ભારતમાં પ્રથમ પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના ઈ.સ. 1969માં મહારાષ્ટ્રના ‘‘તારાપુરમાં’’ કરવામાં આવી હતી.
- કેનેડાની સહાયતાથી રાજસ્થાનના ‘‘રાવતભાટામાં’’ પરમાણુ ઊર્જા કેન્દ્રની 1980માં શરૂઆત થઈ હતી.
- ઈ.સ. 1984માં તમિલનાડુના ચેન્નઈ નજીક ‘‘કલ્પક્કમ’’માં પરમાણુ ઊર્જા કેન્દ્રની સ્થાપના થઈ હતી.
- ઉત્તરપ્રદેશના બુલંદ શહેરની નજીક આવેલ નરોરા પરમાણુ ઊર્જા મથક ઈ.સ. 1991થી કાર્યરત છે.
- ગુજરાતમાં આવેલ કાકરાપાર પરમાણુ ઊર્જા મથક વર્ષ 1993થી કાર્યરત છે.
- ‘કૈગા’’ પરમાણુ ઊર્જા મથક કર્ણાટકમાં આવેલ છે જેની શરૂઆત ઈ.સ. 2000માં થઈ હતી.
- ‘‘કુડાનકુલમ’’ પરમાણુ ઊર્જા મથક તમિલનાડુમાં આવેલ છે જે 2000 મેગાવોટ વિદ્યુત ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે.
- ઈ.સ. 1948માં ડો. હોમીજહાંગીર ભાભાના નિર્દેશન હેઠળ ‘‘પરમાણુ ઊર્જા આયોગ’’ની સ્થાપના થઈ હતી.
- ઈ.સ. 1954માં ટ્રોમ્બે (મહારાષ્ટ્ર)માં ‘‘પરમાણુ ઊર્જા સંસ્થાન’’ની સ્થાપના કરવામાં આવી તેમજ પરમાણુ ઊર્જા વિભાગની પણ સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ. 1967માં ‘‘પરમાણુ ઊર્જા સંસ્થાન’’નું નામ બદલી ‘‘ભાભા પરમાણુ અનુસંધાન કેન્દ્ર’’ (BARC) રાખવામાં આવ્યું. જેણે ભારતનું પ્રથમ ન્યુકલીયર રીએકટર‘‘અપ્સરા’’ બનાવ્યું.


ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS


તર્કશક્તિ
REASONING
GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, બિનસચિવાલય કલાર્ક, તલાટી, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક




www.iceonline.in

# ભારતના પરમાણુ કેન્દ્રો





| | |
|---|---|
| ⬢ | કાર્યરત |
| ★ | નિર્માણઆધિન |
| ⬬ | પ્રસ્તાવિત |

## F1 ચેમ્પિયન શ્રી લુઈસ હેમિલ્ટનને 'નાઈટહુડ' એનાયત કરવામાં આવ્યો

15 ડિસેમ્બર, 2021ના રોજ સાત વખતના ફોર્મ્યુલા વન (F1) ચેમ્પિયન શ્રી લુઈસ હેમિલ્ટનને મોટરસ્પોર્ટની સેવાઓ માટે 'નાઈટહૂડ'નું બિરૂદ મળ્યું છે.

- લુઈસ હેમિલ્ટનના નામે 103 રેસ સાથે સૌથી વધુ રેસ જીતવાનો રેકોર્ડ છે.
- શ્રી લુઈસ હેમિલ્ટન નાઈટહૂડનું બિરૂદ મેળવનાર ચોથા F1 ડ્રાઈવર છે.
- શ્રી લુઈસ હેમિલ્ટન બ્રિટિશ રેસિંગ ડ્રાઈવર છે. જે હાલમાં મર્સિડીઝ માટે ફોર્મ્યુલા વનમાં સ્પર્ધા કરે છે.
- નાઈટહૂડ એવોર્ડ બ્રિટિશ રાજ્યના સર્વોચ્ચ સન્માનમાં એક છે. નાઈટહૂડ એ બ્રિટિશ રાજા અથવા રાણી દ્વારા કોઈ ચોક્કસ પ્રદેશમાં ઉચ્ચ સિદ્ધિઓ અને સેવાઓ માટે વ્યક્તિને આપવામાં આવતો પુરસ્કાર અને ખિતાબ છે.
- નોંધનીય છે કે 'નાઈટહૂડ'નું બિરૂદ મેળવ્યા બાદ નામમાં 'સર' ઉમેરાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## FRIDAY Questions

**1.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કયા રાજ્યના વર્ષ 2017થી પ્રતિબંધિત પરંપરાગત બળદગાડાની રેસનું આયોજન કરવાની મંજૂરી આપી છે ?

(A) મહારાષ્ટ્ર (B) રાજસ્થાન

(C) સિક્કિમ (D) મેઘાલય

**(A)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'જૈતાપુર ન્યુક્લિઅર રિએક્ટર' કયા રાજ્યમાં સ્થિત છે ?

(A) મધ્યપ્રદેશ (B) તમિલનાડુ (C) કેરળ (D) મહારાષ્ટ્ર

**(D)**

**3.** તાજેતરમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રના જૈતાપુરમાં કેટલા ન્યુક્લિઅર રિએક્ટર સ્થાપવા માટે સૈદ્ધાંતિક (પ્રથમ તબક્કાને)ને મંજૂરી આપી છે ?

(A) છ (B) સાત (C) આઠ (D) નવ

**(A)**

**4.** કયા ફોર્મ્યુલા વન (F1) ચેમ્પિયનને તાજેતરમાં 'નાઈટહૂડ'ના બિરૂદથી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) શ્રી ફિલિપ એલિયર (B) શ્રી લુઈસ હેમિલ્ટન

(C) શ્રી જ્યોર્જ એમિક (D) શ્રી રેડ એમિક

**(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**દિવસ મહિમા : 18 ડિસેમ્બર,** **(1) આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ (International Migrants Day)**
**(2) વિશ્વ લઘુમતિ અધિકાર દિવસ**

## આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ

સમગ્ર વિશ્વમાં 18 ડિસેમ્બરના રોજ 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા 4 ડિસેમ્બર, 2000ના રોજ દર વર્ષે 18 ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ' તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- વર્ષ 2021ના આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસની થીમ **'Harnessing the Potential of Human Mobility'** છે.

## મહિલાઓ માટે લગ્નની કાયદેસરની ઉંમરમાં વધારો

તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે મહિલા અને પુરુષોની લગ્નની ઉંમરમાં એકરૂપતા લાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

- બાળ લગ્ન નિષેધ અધિનિયમ (PCMA), 2006 અને અન્ય અંગત કાયદાઓમાં સુધારો કરીને મહિલાઓ માટે કાયદેસરની ઉંમર 18થી વધારીને 21 વર્ષ કરવામાં આવશે.
- આ નિર્ણય સમતા પાર્ટીના ભૂતપૂર્વ અધ્યક્ષ સુશ્રી જયા જેટલીની આગેવાની હેઠળની ચાર સભ્યોની ટાસ્ક ફોર્સની ભલામણ પર આધારિત છે.

**નોંધ :** ટાસ્ક ફોર્સની સ્થાપના લગ્નની ઉંમર અને આરોગ્ય તથા સામાજિક સૂચકાંકો જેમ કે, બાળ મૃત્યુદર, માતૃ મૃત્યુદર અને માતાઓ અને બાળકોના પોષણ સ્તરો સાથેના સંબંધની પુનઃ તપાસ કરવા માટે કરવામાં આવી હતી.

## લગ્ન માટેની લઘુત્તમ ઉંમર માટેના કાનૂની માળખા વિશે

### પૃષ્ઠભૂમિ


- ભારતમાં લગ્નની ઉંમર સૌપ્રથમ શારદા અધિનિયમ, 1929 દ્વારા નિર્ધારિત કરવામાં આવી હતી.
- બાદમાં તેનું નામ બદલીને બાળ લગ્ન પ્રતિબંધ કાયદો (CMRA), 1929 કરવામાં આવ્યું હતું.
- 1978માં કાયદામાં ફેરફાર કરીને છોકરીઓ માટે લગ્નની ઉંમર 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષ કરવામાં આવી હતી.
- આ સ્થિતિ બાળ લગ્ન નિષેધ અધિનિયમ (PCMA), 2006 નામના નવા કાયદામાં પણ જળવાઈ રહી જેણે CMRA, 1829નું સ્થાન લીધું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહિલાઓ માટે લગ્નની લઘુત્તમ ઉંમર વધારવાના ફાયદા

લગ્નની ઓછી ઉંમર અને પરિણામે પ્રારંભિક ગર્ભાવસ્થા પણ માતાઓ અને તેમના બાળકોના પોષણની સ્થિતિ અને તેમના એકંદર આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસર કરે છે.

- બાળકના જન્મ સમયે માતાની ઉંમર, જીવન અને આરોગ્યની સ્થિતિ અને મહિલાઓની નિર્ણય લેવાની શક્તિને પ્રભાવિત કરે છે.
- આ કાયદો બાળ લગ્નના જોખમને રોકવામાં મદદ કરશે.
- નાની ઉંમરે લગ્નને કારણે બાળ મૃત્યુ દર અને માતૃ મૃત્યુદર પણ ચિંતાનો વિષય છે. જે હવે આ કાયદા દ્વારા તેમાં ઘટાડો થવાની સંભાવના છે.

**1.** ‘આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 ડિસેમ્બર (B) 16 ડિસેમ્બર (C) 17 ડિસેમ્બર (D) 18 ડિસેમ્બર **(D)**

**2.** વર્ષ 2021ના ‘આંતરરાષ્ટ્રીય પ્રવાસી દિવસ’ની થીમ શું હતી ?

(A) Social Cohesion : Recognizing Migration is a Benefit that works for all

(B) Migration shoud be a choise, not a necessity.

(C) Harnessing the Potential of Human mobility.

(D) ઉપરોક્ત ત્રણેય પૈકી એકપણ નહીં **(C)**

**3.** તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે મહિલા અને પુરુષોની લગ્નની ઉંમરમાં એકરૂપતા લાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. આ અંતર્ગત મહિલાઓ માટે લગ્નની કાયદેસરની ઉંમર 18 વર્ષથી વધારીને.......વર્ષ કરવામાં આવી છે.

(A) 21 (B) 20 (C) 19 (D) 17 **(A)**

**4.** તાજેતરમાં કેન્દ્રીય કેબિનેટે મહિલા અને પુરુષોની લગ્નની ઉંમરમાં એકરૂપતા લાવવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) આ અંતર્ગત મહિલાઓની લગ્નની ઉંમર 18થી વધારીને 21 કરવામાં આવશે.

(B) આ નિર્ણય સુશ્રી જયા જેટલીની આગેવાની હેઠળની ચાર સભ્યોની ટાસ્ક ફોર્સની ભલામણ પર આધારિત છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડિજિટાઈઝ્ડ ગ્રંથોનું વિમોચન કર્યું**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડિજિટાઈઝ્ડ ગ્રંથોનું ગાંધીનગરમાં વિમોચન કર્યું હતું. ગુજરાતી ભાષાના પ્રથમ એન્સાઈક્લોપીડિયા ગણાતા એવા આ ગુજરાત વિશ્વકોશના અંદાજે 23 હજાર જેટલા લખાણો વાચકોને હવે આંગળીના ટેરવે–ઓનલાઈન ઉપલબ્ધ બન્યા છે, વિશ્વકોશમાં ઉપલબ્ધ વિવિધ વિષયોની સઘળી માહિતી પણ હવે વેબસાઈટ પરથી વાંચી શકાશે. ગુજરાતી વિશ્વકોશ એ (એન્સાલક્લોપીડિયા બ્રિટાનિકાના આધારે રચાયેલો) ગુજરાતી ભાષાનો એક માત્ર સચિત્ર સર્વસંગ્રહ એન્સાઈક્લોપીડિયા (વિશ્વકોશ) છે. ગુજરાતી વિશ્વકોશ એક હજાર પૃષ્ઠનો એક એવા પચીસ ગ્રંથોની શ્રેણી છે. અમદાવાદ સ્થિત 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' દ્વારા તેનું પ્રકાશન કરવામાં આવ્યું છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **આત્મનિર્ભર હસ્તશિલ્પકાર યોજના**

તાજેતરમાં પૂર્વોત્તર ક્ષેત્રના કારીગરો માટે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલય હેઠળ 'આત્મનિર્ભર હસ્તશિલ્પકાર યોજના'ની જાહેરાત કરવામાં આવી છે. આ ક્ષેત્રમાં કામ કરતા નાના પાયાના હસ્તશિલ્પકારોનો વિકાસ કરવાના હેતુથી આ ક્ષેત્રને લગતી અન્ય પ્રવૃત્તિઓ સ્થાપવા/વિસ્તરણ/આધુનિકીકરણ/કાર્યકારી મૂડીની જરૂરિયાતો માટે મુદત લોનના સ્વરૂપમાં નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે. યોજનાના પ્રારંભ સમયે આયોજિત સમારોહ દરમિયાન કુલ 17 હસ્તશિલ્પકારોને કારીગર દીઠ રૂ. 1 લાખની લોન સહાય પૂરી પાડવામાં આવી છે.

➤ **કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ**

ભારતના શ્રી અજય સિંહે 'કોમનવેલ્થ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ'માં પુરુષોની 81 કિગ્રા વર્ગમાં જીતીને ભારતને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો છે. આ સાથે તે આવતા વર્ષે બર્મિંગહામમાં યોજનારી કોમનવેલ્થ ગેમ્સ માટે ક્વોલિફાય કરનાર ત્રીજા ભારતીય બન્યા છે. અગાઉ જેરેમી લાલરિનુંગા (67 કિગ્રા) અને અચિંતા શુલી (73 કિગ્રા) પોતપોતાની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને 2022 કોમનવેલ્થગેમ્સ માટે ક્વોલિફાય થઈ ચૂકયા છે.

➤ **સોલાર હમામ**

લદાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં 'સોલાર હમામ' નામની સ્થાનિક રીતે ડિઝાઈન કરાયેલ બ્રાન્ડેડ હીટિંગ સિસ્ટમનો સમાવેશ થાય છે. સોલાર હમામનો ઉદ્દેશ પર્વતીય વિસ્તારોમાં ઘરોમાં સ્વચ્છ ઊર્જા પહોંચાડવાનો છે. તે જંગલોનું જતન કરવા, મહિલાઓને બળતણ એકત્ર કરવાથી મુક્ત કરવા અને કાર્બન ઉત્સર્જન ઘટાડવા માગે છે. આ ટેકનોલોજીનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે, કારણ કે પર્વતો પર રહેતા પરિવારો મોટાભાગે બળતણ, ઘાસચારો, આરોગ્ય, પોષણ, કૃષિ, આજીવિકા અને રોજગાર માટે કુદરતી સંસાધનો પર આધાર રાખે છે. આ ટેકનોલોજીનો પ્રોટોટાઈપ સૌપ્રથમ વર્ષ 2008માં વિકસાવવામાં આવ્યો હતો. હિમાચલ પ્રદેશ, લદાખ અને ઉત્તરાખંડમાં અત્યાર સુધીમાં 1200 સોલાર હમામ સિસ્ટમ લગાવવામાં આવી છે. સોલાર હમામ ટેકનોલોજીને વર્ષ 2016-17 માટે 'હિમાચલ પ્રદેશ સ્ટેટ ઈનોવેશન એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો.

➤ **આસામની 'મનોહરી ગોલ્ડ ટી' રૂ. 1 લાખ પ્રતિ કિલોમાં હરાજી થઈ**

તાજેતરમાં 'મનોહરી ગોલ્ડ ટી' નામની આસામની ચાની એક દુર્લભ વેરાયટીએ રેકોર્ડ બનાવ્યો છે, તેની 99,999 રૂપિયા પ્રતિ કિલોના રેકોર્ડ ભાવે હરાજી કરવામાં આવી છે. 'મનોહરી ગોલ્ડ ટી' એ પોતાનો જ રેકોર્ડ તોડીને ઈતિહાસ કર્યો છે. સૌરવ ટી ટ્રેડર્સે 99,999 રૂપિયા પ્રતિ કિલોની સૌથી વધુ બોલી લગાવીને ગોલ્ડ ટી ખરીદી છે. જાહેર હરાજીમાં ચાની આ અત્યાર સુધીની સૌથી વધુ કિંમત હોવાનું માનવામાં આવે છે. મનોહરી ગોલ્ડ ટીનું ઉત્પાદન મનોહરી ટી એસ્ટેટ દ્વારા કરવામાં આવે છે. આસામના દિબ્રુગઢ જિલ્લામાં તેનું ઉત્પાદન થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **નાસાની નવી કોમ્યુનિકેશન સિસ્ટમ : LCRD**

તાજેતરમાં નાસાએ તેનું નવું 'લેસર કોમ્યુનિકેશન રિલે ડેમોન્સ્ટ્રેશન' (LCRD) લોન્ચ કર્યુ છે. તે નાસાની એકમાત્ર લેસર કોમ્યુનિકેશન સિસ્ટમ છે, જે ભવિષ્યના ઓપ્ટિકલ કોમ્યુનિકેશન મિશન માટે માર્ગ મોકળો કરે છે. યુએસ ડિફેન્સ ડિપાર્ટમેન્ટના સ્પેસ ટેસ્ટ પ્રોગ્રામ સેટેલાઈટ 6 (STP Sat-6) દ્વારા 'લેસર કોમ્યુનિકેશન્સ રિલે ડેમોન્સ્ટ્રેશન'નું પેલોડ લોન્ચ કરવામાં આવ્યું હતું. તે જીઓસિંક્રોનસ ઓર્બિટમાં હશે, જે પૃથ્વીથી લગભગ 36,000 કિ.મી. ઉપર સ્થિત છે. તેનું નિયંત્રણ 'કેલિફોર્નિયા' અને 'હવાઈ'માં LCRD મિશનના ગ્રાઉન્ડ સ્ટેશનોના એન્જિનિયરો દ્વારા કરવામાં આવશે. આ ટીમ રેડિયો ફ્રીકવન્સી સિગ્નલ દ્વારા ટેસ્ટ ડેટા મોકલશે અને LCRD ઓપ્ટિકલ સિગ્નલનો ઉપયોગ કરીને જવાબ આપશે.

## વિશ્વ

➤ **લોકશાહી માટે સમિટ**

તાજેતરમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા દ્વારા લોકશાહીને નવીકરણ કરવા અને નિરંકુશતાનો સામનો કરવા માટે 'સમિટ ફોર ડેમોક્રેસી' (લોકશાહી માટે સમિટ)નું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકાના રાષ્ટ્રપતિએ પ્રેસિડેન્શિયલ ઈનિશિયેટિવ ફોર ડેમોક્રેટિક રિન્યુઅલની સ્થાપનાની જાહેરાત કરી હતી, જે વિદેશી સહાયની પહેલ પ્રદાન કરશે. આ પહેલને 424.4 મિલિયન ડોલરની પ્રારંભિક મૂડી દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે અને તેનો મુખ્ય ઉદ્દેશ 'મુક્ત અને સ્વતંત્ર મીડિયા'નું સમર્થન કરવાનો છે, આ ઉપરાંત ભ્રષ્ટાચાર સામે લડવા, લોકશાહી સુધારાઓને મજબૂત કરવા, લોકશાહી ટેકનોલોજીનો ઉપયોગ કરવા અને મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવાનો છે. આ સમિટ ત્રણ મુખ્ય થીમ પર આધારિત હતી : (1) સરમુખત્યારશાહીથી દૂર રહેવું (2) ભ્રષ્ટાચારનું ભાષણ (3) માનવ અધિકાર માટે આદર

## ICE ? Questions

➤ તાજેતરમાં કોણે ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ડિજિટાઈઝ્ડ ગ્રંથોનું વિમોચન કર્યું હતું ?

– શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ LCRD કોમ્યુનિકેશન સિસ્ટમ કઈ સ્પેસ એજન્સી સાથે સંકળાયેલ છે ?– NASA

➤ LCRDનું પૂરું નામ જણાવો ? – લેસર કોમ્યુનિકેશન રિલે ડેમોન્સ્ટ્રેશન

➤ તાજેતરમાં કોણે 'સમિટ ફોર ડેમોક્રેસી'નું આયોજન કર્યું હતું ? – યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા

➤ તાજેતરમાં ................. ક્ષેત્રના કારીગરો માટે પૂર્વોત્તર ક્ષેત્રના વિકાસ મંત્રાલય હેઠળ 'આત્મનિર્ભર હસ્તશિલ્પકાર યોજના'ની જાહેરાત કરવામાં આવી હતી. – પૂર્વોત્તર ક્ષેત્ર

➤ ભારતના કયા ખેલાડીએ 'કોમનવેલ્થ વેઈટલિફિટંગ ચેમ્પિયનશિપ'માં 81 કિગ્રા. વર્ગમાં જીતીને ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો છે ? – શ્રી અજય સિંહ

➤ તાજેતરમાં ચર્ચામાં રહેલ 'સોલાર હમામ' સિસ્ટમ કયા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશ સાથે સંકળાયેલ છે ?

– લદાખ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ

➤ તાજેતરમાં આસામની કઈ "ચા" નો રૂ 1 લાખ પ્રતિ કિલોમાં હરાજી થઈ છે ? – મનોહરી ગોલ્ડ ટી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# Question Of this Week

1. **2021માં ભારતમાં Google પર સૌથી વધુ સર્ચ કરાયેલ વ્યક્તિ કોણ હતું ?** – નીરજ ચોપરા
(ગૂગલે તેમની 'Year in Search 2021' યાદી બહાર પાડી છે, જે આ સર્ચ એન્જિન પર સૌથી વધુ સર્ચ કરાયેલી વસ્તુઓ દર્શાવે છે. ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ વિજેતા શ્રી નીરજ ચોપરા 2021માં ભારતમાં સૌથી વધુ સર્ચ કરાયેલ વ્યક્તિ બની ગયા છે.)

2. **મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આયકર વિભાગ દ્વારા આયોજિત 'સાયક્લોથોન' 2021ને ................થી પ્રસ્થાન કરાવ્યું હતું.** અમદાવાદ

3. **તાજેતરમાં સમાચારમાં રહેલ ઝીલી દલબેહેરા કઈ રમત સાથે સંકળાયેલ છે ?** – વેઈટ લિફ્ટિંગ

4. **દિલ્હીના મુખ્યમંત્રી શ્રી અરવિંદ કેજરીવાલે 13 ડિસેમ્બર, 2021ના રોજ........................કાર્યક્રમની શરૂઆત કરી હતી.** – દિલ્હી કી યોગશાળા
(રાષ્ટ્રીય રાજધાનીમાં લોકોને મફત યોગ વર્ગો આપવા માટે દિલ્હી સચિવાલયમાં આ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી 2022થી યોગના વર્ગો શરૂ થશે.)

5. **ન્યુ કેલેડોનિયા ટાપુ પ્રદેશે તાજેતરમાં કયા દેશનો ભાગ રહેવા માટે મત આપ્યો છે ?** – ફ્રાન્સ

6. **કોમર્શિયલ સ્પેસ એસ્ટ્રોનોટ વિંગ્સ પ્રોગ્રામ કયા દેશ સાથે સંબંધિત છે ?** – અમેરિકા

7. **તાજેતરમાં કોણે અબુધાબી ગ્રાન્ડ પ્રિક્સમાં તેનું પ્રથમ 'ફોર્મ્યુલા વન (F1) ટાઈટલ જીત્યુ છે ?** – મેક્સ વર્સ્ટાપેન
(મેક્સ એમિલિયન વર્સ્ટાપેન બેલ્જિયન–ડચ રેસિંગ ડ્રાઈવર છે. જે હાલમાં ડચ ફ્લેગ હેઠળ રેડ બુલ રેસિંગ સાથે ફોર્મ્યુલા વનમાં સ્પર્ધા કરે છે.)

8. **કયું શહેર સંપૂર્ણપણે પેપરલેસ થનાર વિશ્વની પ્રથમ સરકાર બની છે ?** – દુબઈ
(દુબઈ સંપૂર્ણપણે પેપરલેસ થનારી વિશ્વની પ્રથમ સરકાર બની છે. 'દુબઈ પેપરલેસ સ્ટ્રેટેજી' પાંચ તબક્કામાં લાગુ કરવામાં આવી હતી. 1800થી વધુ ડિજિટલ સેવાઓ પ્રદાન કરવા માટે અમીરાતની તમામ 45 સરકારી સંસ્થાઓમાં વ્યૂહરચના લાગુ કરવામાં આવી હતી.)

9. **'નુપી લાલ દિવસ' દર વર્ષે કયા રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશમાં ઉજવવામાં આવે છે ?** – મણિપુર

10. **પ્રકાશ સંવેદનશીલ દવાઓના ઉપયોગ સાથે સંકળાયેલા ઉપચારને શું કહેવાય છે ?** – ફોટોડાયનેમિક ઉપચાર

11. **સીન નદી કયા દેશમાં છે. જે તાજેતરમાં સમાચારોમાં હતી ?** – ફ્રાન્સ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

12. તાજેતરમાં 'સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ ફેડરેશન ઓફ ઈન્ડિયા' (SJFI) એ તેની વાર્ષિક બેઠકમાં વિશ્વ વિખ્યાત ક્રિકેટર............ને પ્રતિષ્ઠિત 'SJFI મેડલ' એનાયત કરવાનો નિર્ણય લીધો છે. – શ્રી સુનિલ ગાવસ્કર
(આ ઉપરાંત ટોક્યો ઓલિમ્પિકમાં ભારતના એકમાત્ર ગોલ્ડ મેડલ વિજેતા શ્રી નીરજ ચોપરાને 'SJFI સ્પોર્ટ્સ મેન ઓફ ધ યર' તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે સિલ્વર મેડલ જીતનાર વેઈટલિફ્ટર મીરાબાઈ ચાનુને 'સ્પોર્ટ્સ વુમન ઓફ ધ યર' તરીકે જાહેર કરવામાં આવ્યા હતા.)

13. તાજેતરમાં કયા દેશે 8મી હિંદ મહાસાગર સંવાદની યજમાની કરી હતી ? – ભારત
(ભારતના વિદેશ મંત્રાલયે વિશ્વ બાબતોની ભારતીય પરિષદ સાથે 8મી હિંદ મહાસાગર સંવાદનું આયોજન કર્યુ હતું. આ વર્ષની આવૃત્તિની થીમ 'Leveraging Digital Technologies for Health, Education, Development, and Trade in Indian Ocean Rim Association Memeber States' હતી.)

14. કોલંબિયા જર્નાલિઝમ સ્કૂલ દ્વારા કયા ભારતીય પત્રકારને 2022ના ભૂતપૂર્વ વિદ્યાર્થી પુરસ્કાર વિજેતાઓ (Alumni award winners) તરીકે નામાંકિત થયા છે ? – માલિની પાર્થસારથી

15. તાજેતરમાં કેબિનેટે કયા દેશ સાથે ગુનાહિત બાબતોમાં પરસ્પર કાનૂની સહયતા અંગેની સંધિને મંજૂરી આપી છે ? – પોલેન્ડ

16. વિશ્વ વ્યાપાર સંગઠન (WTO) પેનલ દ્વારા કયા દેશને ખાંડ ક્ષેત્રમાં તેની સબસિડી પાછી ખેંચવા માટે કહેવામાં આવ્યું છે ? – ભારત
(વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (WTO) પેનલે ભારતને 'પ્રોડક્શન સપોર્ટ, બફર સ્ટોક, માર્કેટિંગ અને ટ્રાન્સપોર્ટ યોજના' હેઠળ આપવામાં આવતી સબસિડી પાછી ખેંચી લેવા જણાવ્યું છે. ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ અને ગ્વાટેમાલાએ વર્ષ 2019માં વિશ્વ વેપાર સંગઠનને ખાંડ ક્ષેત્રમાં તેના નીતિગત પગલાં માટે ભારત વિરુદ્ધ ફરિયાદ કરી હતી.)

17. તાજેતરમાં કઈ સંસ્થાએ 'Tracking Universal Coverage - 2021 Global Monitoring Report' બહાર પાડયો છે ? – WHO

18. તાજેતરમાં યુનેસ્કોની 'સાંસ્કૃતિક વિરાસત યાદી'માં 'જૌમો સુપ'નો સમાવેશ કર્યો છે. તે કયા દેશનો પરંપરાગત સુપ છે ? – હૈતિ

19. તાજેતરમાં સુશ્રી કોનિકા લાયકનું નિધન થયું છે. તેઓ કઈ રમત સાથે સંકળાયેલા હતા ? – શૂટિંગ

INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT